ટ્રેડ માર્ક સ્યુટ નં.૬/૨૦૧૩.

**આંક–૨૧ની અરજી નીચે હુકમ.**

૧. આ દાવાના પ્રતિવાદીઓએ હાલની અરજી કરીને સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર–૭ રૂલ–૧ અને રૂલ–૧૧ અન્વયે વાદીની દાવા અરજી રદ કરવા માંગણી કરેલ છે. આ અરજીનો વાદી પક્ષે આંક–૨૬થી જવાબ રજૂ કરેલ છે.

૨. આ અરજી આપ્યા બાદ આ દાવાના પ્રતિવાદીનાં વિ.વ.શ્રી આ કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી.આ અરજી અનુસંધાને કોઈ સુનાવણી કરેલ નથી. આ અરજી બાબતે વાદી પક્ષે એવી રજુઆત કરેલ છે કે, આ અરજીમાં પક્ષકારો વચ્ચેનાં જે એગ્રીમેન્ટ ઉપર આધાર રાખવામાં આવેલ છે તે એગ્રીમેન્ટની નકલ નિ.૨૦/૧થી પ્રતિવાદી પક્ષે રજૂ કરેલ છે તે બનાવટી છે અને તેની સાથે ચેડા કરવામાં આવેલ છે. આવી રજુઆત કરીને વાદી પક્ષે આંક–૩૧વાળી અરજી આપી સદર એગ્રીમેન્ટ અસલ પ્રતિવાદી રજૂ કરે તેવી માંગણી કરવામાં આવતાં તેની નોટિસ પણ સ્વીકારવા પ્રતિવાદીનાં વિ.વ.શ્રીએ દરકાર કરેલ નથી. વાદી પક્ષને સાંભળીને સદર અરજી મંજૂર કરી જે એગ્રીમેન્ટની નકલ નિ.૨૦/૧થી રજૂ થયેલ છે તે અસલ રજૂ કરવા પ્રતિવાદી પક્ષને હુકમ કરાયેલ હોવા છતાં પ્રતિવાદી પક્ષે તેનો અમલ કરેલ નથી.

૩. આ અરજી અનુસંધાને પ્રતિવાદી પક્ષે કોઈ સુનાવણી કરેલ નથી. વાદીનાં વિ.વ.શ્રીને સાંભળવામાં આવેલ છે. આ અરજીથી પ્રતિવાદી પક્ષની રજુઆત છે કે, દાવામાં દાવો કરવા માટેનું કારણ જાહેર થયેલ નથી. આ કોર્ટને હકુમત નથી. વાદીએ કોર્ટનાં પ્રોસેસનો દુરૂપયોગ કરવા દાવો કરેલ હોય દાવા અરજી સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર–૭ રૂલ–૧૧ અન્વયે રદ કરવી જોઈએ. આગળ નોંધ્યા મુજબ આવી રજુઆત સબંધે પ્રતિવાદી પક્ષે આ કોર્ટ સમક્ષ સુનાવણી કરીને અરજીમાં જણાવેલ વિગતે દાવાનું કારણ હોવાનું કઈ રીતે માની શકાય તેમ નથી અને આ કોર્ટને કયા કારણથી દાવો સાંભળવા હકુમત નથી તે અંગે કોઈ વિગતો જાહેર કરેલ નથી. જે કહેવાતા એગ્રીમેન્ટ ઉપર આધાર રાખી આ કોર્ટને હકુમત નથી તેવી રજુઆત કરવામાં આવેલ છે તે અસલ એગ્રીમેન્ટ કોર્ટે હુકમ કરેલ હોવા છતાં પ્રતિવાદી પક્ષે રજૂ કરેલ નથી. કહેવાતા સદર એગ્રીમેન્ટની નકલ વાદી પક્ષે દાવા સાથે નિ.૩/૯થી રજૂ કરેલ છે. આંક–૩૧વાળી અરજીની સુનાવણી વખતે સદર અસલ એગ્રીમેન્ટ વાદી પક્ષે રજૂ કરેલ હતું. જે બાબતે આંક–૩૬ નીચે નોંધ કરી તે અસલ એગ્રીમેન્ટ નિ.૩/૯વાળી નકલ મુજબ બરાબર હોવાનું ઠરાવેલ છે. વાદીએ રજૂ કરેલ એગ્રીમેન્ટ અને પ્રતિવાદીએ નિ.૨૦/૧થી રજૂ કરેલ

એગ્રીમેન્ટની નકલ ધ્યાને લેતાં નિ.૨૦/૧માં ફેરફાર હોવાનું માલુમ પડેલ છે. આમ, પ્રતિવાદીએ વાદી પક્ષે રજુઆત કર્યા મુજબ દસ્તાવેજ સાથે ચેડાં કરેલ હોવાનું માનવા કારણ ઉપસ્થિત થાય છે તે બાબતની ગંભીર નોંધ સાથે સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર–૭ રૂલ–૧૧ અન્વયે અપાયેલ અરજીનો નિર્ણય કરવા માટે વાદીની દાવા અરજી ઉપરથી જાહેર થતી હકીકતો ઉપર આધાર રાખીને આ નિર્ણય કરવાનો થતો હોવાથી દાવા અરજી અને વાદીએ રજૂ કરેલ દસ્તાવેજો ધ્યાને લેતાં દાવા અરજીમાં જાહેર થાય છે કે, પ્રતિવાદી સર્વોદય વિપનાન ઈન્ડિયા પ્રા.લિ. નામથી જે પ્રોડકટસ વેચે છે તે સબંધે અમદાવાદ ખાતે પ્રતિવાદી નં.ર વાળી પ્રતિવાદીની એજન્સી આવેલ છે અને વાદીનાં ટ્રેડમાર્કનો ભંગ થાય અને પાસીંગ ઓફ થાય તે રીતે અમદાવાદ ખાતે માલનું  વેચાણ કરે છે માટે અમદાવાદની સ્થાનિક હકુમતમાં પાસીંગ ઓફ થઈ રહેલ હોવાના કારણે આ કોર્ટને દાવો ચલાવવા હકુમત છે અને અમદાવાદ ખાતે થતાં આ પાસીંગ ઓફનાં કારણે  વાદીને દાવો લાવવાનું કારણ ઉપસ્થિત થયેલ છે. આ રજુઆત ખોટી માનવા કારણ ઉપસ્થિત થાય તેવી કોઈ કરતાં કોઈ રજુઆત પ્રતિવાદી પક્ષે હાલની અરજી અનુસંધાને કરવામાં આવેલ નથી. આમ, દાવા અરજી ઉપરની અને દાવા સાથે રજૂ થયેલ દસ્તાવેજો ઉપરથી પ્રથમદર્શનીય રીતે આ દાવો લાવવા આ કોર્ટની હકુમતમાં વાદીને કારણ ઉપસ્થિત થયેલ હોવાનું ફલિત થતું હોવાથી પ્રતિવાદી પક્ષનાં બચાવ ઉપર આધાર રાખી સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર–૭ રૂલ–૧૧ ની જોગવાઈ લાગુ કરી દાવા અરજી રદ કરવા હુકમ કરી શકાય નહિં તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરૂં છું.

**:: હુ ક મ ::**

વાદીની દાવા અરજી રદ કરવા પ્રતિવાદી ધ્વારા અપાયેલ આ અરજી રદ કરવામાં આવે છે.

ખર્ચ સબંધે કોઈ હુકમ નથી.

હુકમ આજ તા.૨૧મી માહે ડિસેમ્બર સને ૨૦૧૩ નાં રોજ જાહેર કર્યો.

**(જયદેવ બી. ધાધલ)**
**ત્રીજા (એડહોક)એડી.ડીસ્ટ્રીકટ જજ,**
**અમદાવાદ(ગ્રામ્ય)અમદાવાદ,**
**યુ.આઈ.સી.નં.જી.જે.૦૦૩૫૫.**

**તા.૨૧/૧૨/૨૦૧૩.**
a.p.k..